# અગ્રતા ક્રમ –૦૩

પ્રશ્ન – ૧ **“સાયલન્ટ રેશનકાર્ડ” એટલે શું અને તેને પુનઃ એકટિવ કરવાની શું કાર્યપધ્ધતિ છે ?**

**(શ્રીમતી સંગીતાબેન પાટીલ – લીંબાયત)**

પ્રશ્ન – ૨ "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા – ૨૦૧૩" હેઠળ **નવસારી અને સુરત** જિલ્લામાં **કેટલા રેશનકાર્ડ "સાયલન્ટ/બ્લોક"** કરવામાં આવેલ છે ? ( શ્રી અરવિંદભાઈ રાણા – સુરત પૂર્વ )

પ્રશ્ન – ૩ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી** અને **સુરત** જિલ્લામાં NFSA હેઠળ **સમાવેશ** માટે **તાલુકાવાર કેટલી અરજીઓ** મળી તથા તેના પર **શું કાર્યવાહી** કરવામાં આવી ? (મનુભાઈ પટેલ – ઉધના)

પ્રશ્ન – ૪ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી અને સુરત જિલ્લામાં** NFSA ની યાદીમાંથી કેટલા લાભાર્થી કુટુંબોની કેટલી જનસંખ્યાને **બાકાત** કરવામાં આવી ?

પ્રશ્ન – ૫ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી** અને **સુરત** જિલ્લામાં **કેટલા રેશનકાર્ડ** રદ કરવામાં આવ્યા અને તેના **કારણો** શું છે ?

પ્રશ્ન – ૬ **નવસારી** અને **સુરત** જિલ્લામાં “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩” હેઠળના **રેશનકાર્ડધારકોની સંખ્યા** શું છે ?

પ્રશ્ન – ૭ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત** જિલ્લામાં NFSA હેઠળ **કેટલા** લાભાર્થી કુટુંબોની કેટલી **જનસંખ્યા**ને સમાવવામાં આવી ?

પ્રશ્ન - ૮ તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી** અને **સુરત** જિલ્લામાં કુલ કેટલી તપાસો કરવામાં આવી અને શું પગલા લેવામાં આવ્યા ?

## નવસારી  અને સુરત જિલ્લામાં ખોટા રેશનકાર્ડ રદ કરવા બાબત

***15/4/1694  શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ**(વાસંદા) :  **માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત શહેર/જિલ્લામાં ગરીબોને એન.એફ.એસ.એ.ના રેશનકાર્ડ હેઠળ અનાજ પુરૂ પાડવા ખોટા રેશનકાર્ડ બનાવેલ તે રદ કરવા અંગેની કેટલી ફરીયાદો મળી, | (૧) | “શૂન્ય” |
| (૨) | મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉકત વર્ષવાર આવા કેટલા ખોટા/ નકલી રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા? | (3) | |

**પ્રશ્ન.૧ “સાયલન્ટ રેશનકાર્ડ” એટલે શું અને તેને પુન: એકટિવ કરવાની શું કાર્યપધ્ધતિ છે ?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

છેલ્લા ૬ માસ કે તેથી વધુ સમયથી જે કાર્ડધારકોએ રાહતદરના રાશનનો લાભ લીધેલ ન હોય તેવા રેશનકાર્ડ ધારકોની હયાતી, પાત્રતા તથા કુટુંબના સભ્યોની ખરાઈ થવી ખૂબ જરૂરી જણાય છે.

આથી, રાજ્યના જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડધારકો ૬ માસ કે તેથી વધુ સમયથી પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો લીધેલ ન હોય તેવા રેશનકાર્ડધારકોને સિસ્ટમમાં “સાયલન્ટ રેશનકાર્ડ” તરીકે આઈડેન્ટિફાય કરવામાં આવે છે. તેવા સાયલન્ટ જણાયેલ રેશનકાર્ડને રદ કરવામાં આવતું નથી પરંતુ તદ્દન હંગામી ધોરણે આવા રેશનકાર્ડને સિસ્ટમમાંથી “ડિસેબલ/બ્લોક” કરવામાં આવે છે.

રેશનકાર્ડને પુન:એકટિવ કરવા માટે રેશનકાર્ડધારકના કુટુંબના તમામ સભ્યોએ આધારકાર્ડની વિગતો સાથે નજીકની મામલતદાર/ઝોનલ કચેરીમાં જઈ ઈલેક્ટ્રોનીક બાયોમેટ્રિક આધારિત ઈ.કે.વાય.સી વેરિફિકેશન કરાવવાનું હોય છે. ઈ.કે.વાય.સી વેરીફીકેશન પ્રક્રિયા પૂર્ણ થયેથી રેશનકાર્ડને પુન:એકટિવ કરવામાં આવે છે અને તેઓને મળવાપાત્ર તમામ આવશ્યક ચીજવસ્તુનો જથ્થો રાબેતા મુજબ આપવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૨ "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩" હેઠળ નવસારી અને સુરત જિલ્લામાં કેટલા રેશનકાર્ડ "સાયલન્ટ અથવા બ્લોક" કરવામાં આવેલ છે ?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

**નવસારી જિલ્લામાં ૧,૮૬૧ રેશનકાર્ડની ૮,૫૯૮ જનસંખ્યાને "સાયલન્ટ અથવા બ્લોક" કરવામાં આવેલ હતી. જેમાંથી ૧,૪૪૭ રેશનકાર્ડના ૭,૦૯૬ સભ્યોની ઈ–કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જ્યારે ૫૧ રેશનકાર્ડના ૧૩૬ સભ્યોની અંશત: ઈ–કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને ૩૬૩ રેશનકાર્ડના ૧,૩૬૬ સભ્યોનું ઈ–કેવાયસી બાકી હોવાથી સાયલન્ટ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૨૬,૨૫૦ રેશનકાર્ડની ૧,૦૮,૧૦૧ જનસંખ્યાને "સાયલન્ટ અથવા બ્લોક" કરવામાં આવેલ હતી. જેમાંથી ૫,૫૮૧ રેશનકાર્ડના ૨૭,૧૮૯ સભ્યોની ઈ–કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જ્યારે ૨૨૮ રેશનકાર્ડના ૫૧૭ સભ્યોની અંશત: ઈ–કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને ૨૦,૪૪૧ રેશનકાર્ડના ૮૦,૩૯૫ સભ્યોનું ઈ–કેવાયસી બાકી હોવાથી સાયલન્ટ છે.**

મુખ્ય પેજ પર જવા માટે

## <u>નવસારી</u> જિલ્લાની તાલુકાવાર સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડની વાત કરૂ તો.......

| તાલુકા | કુલ સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડ | | સંપૂર્ણ e-KYC થયેલ રેશનકાર્ડ | | આંશિક e-KYC થયેલ સાયલન્ટ રેશનકાર્ડ | | પડતર સાયલન્ટ બ્લોક રેશનકાર્ડ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ |
| **નવસારી શહેર** | ૬૧૩ | ૩૦૨૬ | ૫૦૭ | ૨૪૬૮ | ૪ | ૯ | ૧૦૨ | ૫૪૯ |
| **નવસારી (ગ્રામ્ય)** | ૫૦ | ૨૪૪ | ૫૦ | ૨૪૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| **જલાલપોર** | ૨૨૦ | ૧૧૨૯ | ૨૦૩ | ૧૦૪૯ | ૧૭ | ૩૨ | ૦ | ૪૮ |
| **ગણદેવી** | ૩૩૧ | ૧૩૪૯ | ૨૩૮ | ૧૦૭૩ | ૧૬ | ૫૪ | ૭૭ | ૨૨૨ |
| **ચીખલી** | ૨૬૪ | ૧૩૧૩ | ૨૩૫ | ૧૨૩૦ | ૦ | ૦ | ૨૯ | ૮૩ |
| **વાંસદા** | ૩૦૭ | ૧૧૮૯ | ૧૭૧ | ૭૯૦ | ૬ | ૨૩ | ૧૩૦ | ૩૭૬ |
| **ખેરગામ** | ૭૬ | ૩૪૮ | ૪૩ | ૨૪૨ | ૮ | ૧૮ | ૨૫ | ૮૮ |
| **કુલ** | **૧૮૬૧** | **૮૫૯૮** | **૧૪૪૭** | **૭૦૯૬** | **૫૧** | **૧૩૬** | **૩૬૩** | **૧૩૬૬** |

## સુરત જિલ્લાની તાલુકાવાર સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડની વાત કરૂ તો.......

| તાલુકા | કુલ સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડ | | સંપૂર્ણ e-KYC થયેલ રેશનકાર્ડ | | આંશિક e-KYC થયેલ સાયલન્ટ રેશનકાર્ડ | | પડતર સાયલન્ટ બ્લોક રેશનકાર્ડ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ | રેશનકાર્ડ | લાભાર્થીઓ |
| ઓલપાડ | ૧૧૭૧ | ૩૮૮૮ | ૧૪૦ | ૭૨૭ | ૧ | ૪ | ૧૦૩૦ | ૩૧૫૭ |
| માંગરોળ | ૧૨૩૦ | ૪૧૪૩ | ૧૦૧ | ૫૦૧ | ૪૦ | ૮૮ | ૧૦૮૯ | ૩૫૫૪ |
| ઉમરપાડા | ૮૮૯ | ૨૮૩૮ | ૧૪૫ | ૬૪૬ | ૭૧ | ૧૫૨ | ૬૭૩ | ૨૦૪૦ |
| માંડવી | ૧૦૪૪ | ૩૪૧૯ | ૧૩૧ | ૬૧૯ | ૪૭ | ૧૧૨ | ૮૬૬ | ૨૬૮૮ |
| કામરેજ | ૯૨૬ | ૩૯૩૬ | ૧૮૨ | ૯૮૮ | ૧ | ૬ | ૭૪૩ | ૨૯૪૨ |
| ચૌર્યાસી | ૪૨૨ | ૧૫૭૪ | ૧૦૯ | ૫૮૫ | ૨ | ૭ | ૩૧૧ | ૯૮૨ |
| પલસાણા | ૧૦૫૨ | ૩૨૩૧ | ૩૯ | ૧૮૦ | ૮ | ૮ | ૧૦૦૫ | ૩૦૪૩ |
| બારડોલી | ૯૮૨ | ૪૧૦૯ | ૧૯૦ | ૧૦૬૯ | ૧ | ૩ | ૭૯૧ | ૩૦૩૭ |
| મહુવા | ૫૩૪ | ૨૨૨૫ | ૨૯૨ | ૧૫૪૧ | ૧૧ | ૧૮ | ૨૩૧ | ૬૬૬ |
| સુરત શહેર | ૧૮૦૦૦ | ૭૮૭૩૮ | ૪૨૫૨ | ૨૦૩૩૩ | ૪૬ | ૧૧૯ | ૧૩૭૦૨ | ૫૮૨૮૬ |
| **કુલ** | **૨૬૨૫૦** | **૧૦૮૧૦૧** | **૫૫૮૧** | **૨૭૧૮૯** | **૨૨૮** | **૫૧૭** | **૨૦૪૪૧** | **૮૦૩૯૫** |

# સૂરત જિલ્લાની ઝોનવાઈઝ સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડની વિગત

| તાલુકા | કુલ સાયલન્ટ/બ્લોક રેશનકાર્ડ | | સંપૂર્ણ e-KYC થયેલ રેશનકાર્ડ | | આંશિક e-KYC થયેલ સાયલન્ટ રેશનકાર્ડ | | પડતર સાયલન્ટ બ્લોક રેશનકાર્ડ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **રેશનકાર્ડ** | **લાભાર્થીઓ** | **રેશનકાર્ડ** | **લાભાર્થીઓ** | **રેશનકાર્ડ** | **લાભાર્થીઓ** | **રેશનકાર્ડ** | **લાભાર્થીઓ** |
| ચોક | ૨૧૬૪ | ૯૨૬૩ | ૫૭૨ | ૨૮૨૬ | ૭ | ૨૦ | ૧૫૮૫ | ૬૪૧૭ |
| નાનપુરા ઝોન | ૧૫૮૯ | ૭૦૦૮ | ૩૦૩ | ૧૫૬૪ | ૫ | ૧૩ | ૧૨૮૧ | ૫૪૩૧ |
| ઉધના | ૨૨૮૧ | ૯૮૫૭ | ૫૫૨ | ૨૬૧૨ | ૫ | ૧૭ | ૧૭૨૪ | ૭૨૨૮ |
| રાંદેર ઝોન | ૧૪૨૫ | ૬૩૦૫ | ૧૭૨ | ૮૭૩ | ૧ | ૧ | ૧૨૫૨ | ૫૪૩૧ |
| કતારગામઝોન | ૧૯૭૪ | ૮૯૫૮ | ૨૫૧ | ૧૧૪૮ | ૨ | ૫ | ૧૭૨૧ | ૭૮૦૫ |
| પુણા ઝોન | ૨૯૧૭ | ૧૨૯૫૪ | ૬૮૮ | ૩૩૦૪ | ૭ | ૧૪ | ૨૨૨૨ | ૯૬૩૬ |
| વરાછા ઝોન | ૧૦૨૫ | ૪૪૯૮ | ૨૫૪ | ૧૨૧૫ | ૪ | ૧૧ | ૭૬૭ | ૩૨૭૨ |
| અમરોલી ઝોન | ૧૧૨૦ | ૫૦૫૯ | ૩૯૨ | ૧૯૫૧ | ૪ | ૧૩ | ૭૨૪ | ૩૦૯૫ |
| લીંબચાત ઝોન | ૨૪૬૩ | ૧૦૨૪૪ | ૮૪૬ | ૩૮૨૧ | ૧૦ | ૨૩ | ૧૬૦૭ | ૬૪૦૦ |
| મજુરા ઝોન | ૧૦૪૨ | ૪૫૯૨ | ૨૨૨ | ૧૦૧૯ | ૧ | ૨ | ૮૧૯ | ૩૫૭૧ |
| **કુલ** | **૧૮૦૦૦** | **૭૮૭૩૮** | **૪૨૫૨** | **૨૦૩૩૩** | **૪૬** | **૧૧૯** | **૧૩૭૦૨** | **૫૮૨૮૬** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૩ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં NFSA હેઠળ સમાવેશ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી તથા તેના પર શું કાર્યવાહી કરવામાં આવી ?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી જિલ્લામાં** NFSA હેઠળ સમાવેશ માટે મળેલ અરજીઓની વાત કરૂ તો કુલ ૭,૩૩૫ અરજી મળેલ હતી જેમાંથી ૬,૭૩૯ અરજી મંજૂર અને ૫૯૬ અરજી નામંજૂર કરવામાં આવી.

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **સુરત જિલ્લામાં** NFSA હેઠળ સમાવેશ માટે મળેલ અરજીઓની વાત કરૂ તો કુલ ૫૧,૮૫૪ અરજી મળેલ હતી જેમાંથી ૩૭,૧૪૭ અરજી મંજૂર અને ૧૨,૭૪૭ અરજી નામંજૂર કરવામાં આવી.

મુખ્ય પેજ પર જવા માટે

**નવસારી જિલ્લાની** તાલુકાવાર અરજીની વાત કરૂ તો.....

| ક્રમ | તાલુકા | મળેલ અરજી | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|---|
| ૧ | નવસારી (શહેર) | ૨,૩૯૯ | ૨,૩૯૯ | ૦ |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | ૨૬૩ | ૨૬૩ | ૦ |
| ૩ | જલાલપોર | ૪૦૯ | ૩૭૬ | ૩૩ |
| ૪ | ગણદેવી | ૯૧૬ | ૬૪૧ | ૨૭૫ |
| ૫ | ચીખલી | ૧,૬૦૮ | ૧,૩૨૦ | ૨૮૮ |
| ૬ | વાસંદા | ૧,૭૪૦ | ૧,૭૪૦ | ૦ |
| ૭ | ખેરગામ તાલુકામાં કોઈ અરજીઓ મળેલ નથી | | | |
| કુલ | | **૭,૩૩૫** | **૬,૭૩૯** | **૫૯૬** |

**<u>સુરત જિલ્લાની</u>** તાલુકાવાર અરજીની વાત કરૂ તો.....

| ક્રમ | તાલુકા/ઝોન | મળેલ અરજી | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | ચૌર્યાસી | ૩૬૮ | ૩૦૬ | ૬૨ | ૦ |
| ૨ | ઓલપાડ | ૨,૩૨૧ | ૨,૨૨૯ | ૯૨ | ૦ |
| ૩ | માંડવી | ૧,૬૯૪ | ૧,૫૩૮ | ૧૫૬ | ૦ |
| ૪ | માંગરોળ | ૧,૮૭૭ | ૧,૮૫૪ | ૨૩ | ૦ |
| ૫ | ઉમરપાડા | ૧,૨૭૬ | ૯૫૮ | ૩૧૮ | ૦ |
| ૬ | બારડોલી | ૧,૪૦૫ | ૧,૩૨૯ | ૭૬ | ૦ |
| ૭ | મહુવા | ૮૩૦ | ૮૧૭ | ૧૩ | ૦ |
| ૮ | પલસાણા | ૧,૪૯૭ | ૯૬૨ | ૪૭૫ | ૬૦ |
| ૯ | કામરેજ | ૬૪૦ | ૪૩૮ | ૨૦૨ | ૦ |
| ૧૦ | સુરત શહેર | ૩૯,૯૪૬ | ૨૬,૭૧૬ | ૧૧,૩૩૦ | ૧,૯૦૦ |
| કુલ | | ૫૧,૮૫૪ | ૩૭,૧૪૭ | ૧૨,૭૪૭ | ૧,૯૬૦ |

**<u>પડતર રહેવાના કારણો:-</u> સ્થળ તપાસ બાકી હોવાથી, સભ્યોના E-kyc બાકી હોવાથી, અધૂરા પૂરાવા રજૂ કરેલ હોઇ પડતર**

**<u>નામંજૂરના કારણો:-</u>**

**(૧) ફોર વ્હીલર હોવાથી (૨) પાકું મકાન હોવાથી (૩) કુટુંબની આવક વધુ હોવાથી (૪) પુરતા પુરાવા રજુ નહી થવાના કારણે, (૫) સરકારશ્રીના અન્ય ધારાધોરણ મુજબ પાત્રતા ન ધરાવતા હોવાના કારણે**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૪ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં NFSA ની યાદીમાંથી કેટલા લાભાર્થી કુટુંબોની કેટલી જનસંખ્યાને બાકાત કરવામાં આવી ?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

ખોટા રેશનકાર્ડ બાબતની કોઈ અરજી મળેલ નથી. પરંતુ એન.એફ.એસ.એ.ની પાત્રતા ન ધરાવતા હોવા છતાં એન.એફ.એસ.એ.નો લાભ મેળવતા હોય તેવી નવસારી જિલ્લામાં ૨(બે) અરજી અને સુરત જિલ્લામાં ૧(એક) અરજી મળેલ છે.

નવસારી જિલ્લામાં મળેલ અરજી અન્વયે ૩૭ રેશનકાર્ડને એન.એફ.એસ.એ.માંથી નોન–એન.એફ.એસ.એ. માં તબદીલ કરેલ છે. જ્યારે સુરત જિલ્લામાં ૨૦૨ રેશનકાર્ડને એન.એફ.એસ.એ.માંથી નોન–એન.એફ.એસ.એ. માં તબદીલ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૧૪,૪૮૭ રેશનકાર્ડની ૫૩,૯૮૬ જનસંખ્યાને NFSA ની યાદીમાંથી બાકાત કરી એટલે કે Non-NFSA કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ ૬,૪૯૨ રેશનકાર્ડની ૨૭,૯૫૯ જનસંખ્યાને NFSA ની યાદીમાંથી બાકાત કરી એટલે કે Non-NFSA કરવામાં આવેલ છે.

**બાકાત કરવાના કારણો:–**

(૧) ફોર વ્હીલર હોવાથી (૨) પાકું મકાન હોવાથી (૩) કુટુંબની આવક વધુ હોવાથી (૪) સરકારી નોકરી હોવાથી (૫) સરકારશ્રીના અન્ય ધારાધોરણ મુજબ પાત્રતા ન ધરાવતા હોવાના કારણે

મુખ્ય પેજ પર જવા માટે

**નવસારી:- (Non-NFSA કરેલ રેશનકાર્ડ)**

| અ.નં. | તાલુકાનું નામ | કુલ | |
|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જન સંખ્યા |
| ૧ | નવસારી શહેર | ૪૫૧૫ | ૨૦૦૧૭ |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | ૩૨૧ | ૧૧૪૬ |
| ૩ | જલાલપોર | ૨૧૮૯ | ૭૪૦૨ |
| ૪ | ગણદેવી | ૩૫૫૦ | ૧૧૨૧૦ |
| ૫ | ચીખલી | ૧૯૧૧ | ૭૧૭૦ |
| ૬ | વાંસદા | ૧૬૮૫ | ૫૯૧૦ |
| ૭ | ખેરગામ | ૩૧૬ | ૧૧૩૧ |
| **કુલ** | | **૧૪૪૮૭** | **૫૩૯૮૬** |

**સુરત:– (Non-NFSA કરેલ રેશનકાર્ડ)**

| અ.નં. | તાલુકાનું નામ | કુલ | |
|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જનસંખ્યા |
| ૧ | ચૌર્યાસી | ૪૭૫ | ૧૭૩૪ |
| ૨ | ઓલપાડ | ૧૨૧૬ | ૫૨૯૪ |
| ૩ | માંડવી | ૧૫ | ૭૨ |
| ૪ | માંગરોળ | ૧૫ | ૬૭ |
| ૫ | ઉમરપાડા | ૧૦ | ૪૧ |
| ૬ | બારડોલી | ૨૫૩ | ૧૨૬૦ |
| ૭ | મહુવા | ૧૬૭ | ૫૩૭ |
| ૮ | પલસાણા | ૮૯ | ૩૭૭ |
| ૯ | કામરેજ | ૧૫૯૧ | ૬૮૧૯ |
| ૧૦ | સુરત શહેર | ૨૬૬૧ | ૧૧૭૫૮ |
| કુલ | | ૬૪૯૨ | ૨૭૯૫૯ |

## સુરત શહેરની ઝોનવાઈઝ પૂરક માહિતી(Non-NFSA કરેલ રેશનકાર્ડ)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ | |
|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જનસંખ્યા |
| ૧ | અમરોલી ઝોન | ૧૨૪૨ | ૫૫૨૫ |
| ૨ | કતારગામ ઝોન | ૧૯૬ | ૭૮૮ |
| ૩ | ચોક | ૧૮ | ૧૧૬ |
| ૪ | નાનપુરા ઝોન | ૨૦ | ૧૨૩ |
| ૫ | પુણા ઝોન | ૭૯ | ૩૪૫ |
| ૬ | મજુરા ઝોન | ૨૪૨ | ૧૦૪૮ |
| ૭ | રાંદેર ઝોન | ૨૭૫ | ૧૧૦૬ |
| ૮ | લીમ્બાયત ઝોન | ૫૨૮ | ૨૩૮૧ |
| ૯ | વરાછા ઝોન | ૨૯ | ૧૪૯ |
| ૧૦ | ઉધના ઝોન | ૩૨ | ૧૭૭ |
| કુલ | | ૨૬૬૧ | ૧૧૭૫૮ |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૫ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં NFSA હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોની કેટલી જનસંખ્યાને સમાવવામાં આવી ?**

**જવાબઃ માન. અધ્યક્ષશ્રી,**

છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ૩૪૮ "અંત્યોદય કુટુંબો"ની ૯૪૩ જનસંખ્યા અને ૯,૫૬૩ "અગ્રતા ધરાવતા કુટુંબો"ની ૩૮,૮૭૪ જનસંખ્યા મળી **કુલ ૯,૯૧૧ રેશનકાર્ડની કુલ ૩૯,૮૧૭ જનસંખ્યાને** NFSA હેઠળ **સમાવવામાં આવેલ** છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૩૪ "અંત્યોદય કુટુંબો"ની ૧૦૯ જનસંખ્યા અને ૪૪,૯૦૭ "અગ્રતા ધરાવતા કુટુંબો"ની ૧,૭૯,૮૪૫ જનસંખ્યા મળી **કુલ ૪૪,૯૪૧ રેશનકાર્ડની કુલ ૧,૭૯,૯૫૪ જનસંખ્યાને** NFSA હેઠળ **સમાવવામાં આવેલ** છે.

મુખ્ય પેજ પર જવા માટે

**નવસારી જિલ્લાની** તાલુકાવાર NFSA હેઠળ સમાવિષ્ટ લાભાર્થીની વાત કરૂ તો.....

| અ.નં. | તાલુકા/ઝોન | અંત્યોદય કુટુંબો (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા |
| ૧ | નવસારી(શહેર) | ૨૨૬ | ૬૦૧ | ૨,૮૫૩ | ૧૨,૪૩૩ | ૩,૦૭૯ | ૧૩,૦૩૪ |
| ૨ | નવસારી(ગ્રામ્ય) | ૫૮ | ૧૬૭ | ૫૬૩ | ૨,૨૫૪ | ૬૨૧ | ૨,૪૨૧ |
| ૩ | જલાલપોર | ૨૫ | ૭૩ | ૯૯૧ | ૩,૮૭૪ | ૧,૦૧૬ | ૩,૯૪૭ |
| ૪ | ગણદેવી | ૨૬ | ૮૦ | ૧,૧૭૭ | ૪,૪૬૧ | ૧,૨૦૩ | ૪,૫૪૧ |
| ૫ | ચીખલી | ૯ | ૧૬ | ૧,૬૬૨ | ૬,૬૩૧ | ૧,૬૭૧ | ૬,૬૪૭ |
| ૬ | વાંસદા | ૧ | ૨ | ૧,૮૮૫ | ૭,૪૩૨ | ૧,૮૮૬ | ૭,૪૩૪ |
| ૭ | ખેરગામ | ૩ | ૪ | ૪૩૨ | ૧,૭૮૯ | ૪૩૫ | ૧,૭૯૩ |
| **કુલ** | | **૩૪૮** | **૯૪૩** | **૯,૫૬૩** | **૩૮,૮૭૪** | **૯,૯૧૧** | **૩૯,૮૧૭** |

**<u>સુરત જિલ્લાની</u>** તાલુકાવાર NFSA હેઠળ સમાવિષ્ટ લાભાર્થીની વાત કરૂ તો.....

| અ.નં. | તાલુકા | અંત્યોદય કુટુંબો (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા |
| ૧ | ચૌર્યાસી | ૧ | ૨ | ૫૬૫ | ૨૧૪૫ | ૫૬૬ | ૨૧૪૭ |
| ૨ | ઓલપાડ | ૦ | ૦ | ૨૩૮૫ | ૯૨૦૮ | ૨૩૮૫ | ૯૨૦૮ |
| ૩ | માંડવી | ૨૨ | ૬૭ | ૩૬૬૬ | ૧૪૫૧૭ | ૩૬૮૮ | ૧૪૫૮૪ |
| ૪ | માંગરોળ | ૧ | ૩ | ૨૭૮૩ | ૧૧૩૮૧ | ૨૭૮૪ | ૧૧૩૮૪ |
| ૫ | ઉમરપાડા | ૦ | ૦ | ૧૬૦૭ | ૬૨૩૭ | ૧૬૦૭ | ૬૨૩૭ |
| ૬ | બારડોલી | ૩ | ૧૫ | ૧૧૧૦ | ૪૫૪૪ | ૧૧૧૩ | ૪૫૫૯ |
| ૭ | મહુવા | ૪ | ૧૦ | ૧૧૬૮ | ૪૪૦૮ | ૧૧૭૨ | ૪૪૧૮ |
| ૮ | પલસાણા | ૧ | ૪ | ૪૮૯ | ૧૯૦૮ | ૪૯૦ | ૧૯૧૨ |
| ૯ | કામરેજ | ૦ | ૦ | ૪૧૬ | ૧૬૪૪ | ૪૧૬ | ૧૬૪૪ |
| ૧૦ | સુરત શહેર | ૨ | ૮ | ૩૦૭૧૮ | ૧૨૩૮૫૩ | ૩૦૭૨૦ | ૧૨૩૮૬૧ |
| **કુલ** | | **૩૪** | **૧૦૯** | **૪૪,૯૦૭** | **૧,૭૯,૮૪૫** | **૪૪,૯૪૧** | **૧,૭૯,૯૫૪** |

## સુરત શહેરની ઝોનવાઈઝ પૂરક માહિતી (NFSA સમાવિષ્ટ)

| ક્રમ | ઝોન | અંત્યોદય કુટુંબો (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા | રેશનકાર્ડ | જનસંખ્યા |
| ૧ | અમરોલી ઝોન | ૦ | ૦ | ૨૪૬૦ | ૧૦૨૨૦ | ૨૪૬૦ | ૧૦૨૨૦ |
| ૨ | કતારગામ ઝોન | ૦ | ૦ | ૪૨૯૩ | ૧૬૫૮૫ | ૪૨૯૩ | ૧૬૫૮૫ |
| ૩ | ચોક ઝોન | ૦ | ૦ | ૩૧૮૦ | ૧૩૪૨૦ | ૩૧૮૦ | ૧૩૪૨૦ |
| ૪ | નાનપરા ઝોન | ૦ | ૦ | ૧૬૨૦ | ૬૬૩૬ | ૧૬૨૦ | ૬૬૩૬ |
| ૫ | પુણા ઝોન | ૦ | ૦ | ૩૧૧૧ | ૧૧૯૦૨ | ૩૧૧૧ | ૧૧૯૦૨ |
| ૬ | મજુરા ઝોન | ૨ | ૮ | ૧૧૩૫ | ૪૨૬૧ | ૧૧૩૭ | ૪૨૬૯ |
| ૭ | રાંદેર ઝોન | ૦ | ૦ | ૮૭૨ | ૩૩૭૦ | ૮૭૨ | ૩૩૭૦ |
| ૮ | લીમ્બાયત ઝોન | ૦ | ૦ | ૮૯૫૯ | ૩૬૮૫૭ | ૮૯૫૯ | ૩૬૮૫૭ |
| ૯ | વરાછા ઝોન | ૦ | ૦ | ૨૩૪૪ | ૯૪૪૧ | ૨૩૪૪ | ૯૪૪૧ |
| ૧૦ | ઉધના ઝોન | ૦ | ૦ | ૨૭૪૪ | ૧૧૧૬૧ | ૨૭૪૪ | ૧૧૧૬૧ |
| | **કુલ** | **૨** | **૮** | **૩૦,૭૧૮** | **૧,૨૩,૮૫૩** | **૩૦,૭૨૦** | **૧,૨૩,૮૬૧** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૬ નવસારી અને સુરત જિલ્લામાં "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩" હેઠળના રેશનકાર્ડધારકોની સંખ્યા શું છે ?**

**જવાબઃ માન. અધ્યક્ષશ્રી,**

**નવસારી** જિલ્લામાં જાન્યુઆરી–૨૦૨૪ની સ્થિતિએ ૪૬ હજાર "અંત્યોદય કુટુંબો"ની ૨.૧૨ લાખ જનસંખ્યા અને ૧.૩૪ લાખ "અગ્રતા ધરાવતા કુટુંબો"ની ૬.૮૫ લાખ જનસંખ્યા મળી **કુલ ૧.૮૦ લાખ રેશનકાર્ડની કુલ ૮.૯૭ લાખ જનસંખ્યાનો** "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩" હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે.

**સુરત** જિલ્લામાં જાન્યુઆરી–૨૦૨૪ની સ્થિતિએ ૩૦ હજાર "અંત્યોદય કુટુંબો"ની ૧.૩૨ લાખ જનસંખ્યા અને ૩.૪૪ લાખ "અગ્રતા ધરાવતા કુટુંબો"ની ૧૬.૦૨ લાખ જનસંખ્યા મળી **કુલ ૩.૭૪ લાખ રેશનકાર્ડની કુલ ૧૭.૩૪ લાખ જનસંખ્યાનો** "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩" હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

## (નવસારી)

**માનનીય અધ્યક્ષશ્રી નવસારી જિલ્લાના તાલુકાવાર NFSA રેશનકાર્ડની વાત કરૂ તો.......**

| "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩" હેઠળના એન.એફ.એસ.એ.(NFSA) રેશનકાર્ડ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | અંત્યોદય કુટુંબો(AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ એન.એફ.એસ.એ. કાર્ડ (NFSA) | |
| | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા |
| **નવસારી શહેર** | ૭,૮૬૪ | ૩૪,૫૨૦ | ૧૮,૩૮૫ | ૯૬,૩૧૬ | ૨૬,૨૪૯ | ૧,૩૦,૮૩૬ |
| **નવસારી (ગ્રામ્ય)** | ૩,૯૩૨ | ૧૭,૨૭૯ | ૧૦,૧૧૯ | ૫૩,૭૭૩ | ૧૪,૦૫૧ | ૭૧,૦૫૨ |
| **જલાલપોર** | ૪,૯૨૭ | ૧૯,૩૬૪ | ૧૭,૧૮૮ | ૮૪,૯૮૨ | ૨૨,૧૧૫ | ૧,૦૪,૩૪૬ |
| **ગણદેવી** | ૯,૯૪૪ | ૪૩,૨૦૮ | ૨૫,૪૨૧ | ૧,૨૭,૨૧૪ | ૩૫,૩૬૫ | ૧,૭૦,૪૨૨ |
| **ચીખલી** | ૮,૭૧૫ | ૪૫,૪૧૨ | ૨૪,૬૬૭ | ૧,૨૯,૬૩૭ | ૩૩,૩૮૨ | ૧,૭૫,૦૪૯ |
| **વાંસદા** | ૮,૫૮૨ | ૩૯,૩૯૭ | ૩૧,૧૧૭ | ૧,૫૪,૧૦૬ | ૩૯,૬૯૯ | ૧,૯૩,૫૦૩ |
| **ખેરગામ** | ૨,૪૫૭ | ૧૩,૪૪૬ | ૭,૧૨૨ | ૩૯,૦૮૦ | ૯,૫૭૯ | ૫૨,૫૨૬ |
| કુલ | **૪૬,૪૨૧** | **૨,૧૨,૬૨૬** | **૧,૩૪,૦૧૯** | **૬,૮૫,૧૦૮** | **૧,૮૦,૪૪૦** | **૮,૯૭,૭૩૪** |

## માનનીય અધ્યક્ષશ્રી સુરત જિલ્લાના તાલુકાવાર NFSA રેશનકાર્ડની વાત કરૂ તો.......

| “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩” હેઠળના એન.એફ.એસ.એ.(NFSA) રેશનકાર્ડ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | અંત્યોદય કુટુંબો (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ એન.એફ.એસ.એ. કાર્ડ (NFSA) | |
| | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા |
| ચૌર્યાસી | ૮૧૩ | ૩,૭૪૭ | ૭,૮૧૨ | ૩૭,૮૩૭ | ૮,૬૨૫ | ૪૧,૫૮૪ |
| ઓલપાડ | ૩,૦૨૬ | ૧૨,૧૯૨ | ૨૦,૦૫૮ | ૮૬,૯૫૭ | ૨૩,૦૮૪ | ૯૯,૧૪૯ |
| માંડવી | ૫,૬૬૩ | ૨૫,૭૬૧ | ૨૫,૩૭૭ | ૧,૨૫,૦૬૨ | ૩૧,૦૪૦ | ૧,૫૦,૮૨૩ |
| માંગરોળ | ૪,૦૯૭ | ૧૮,૨૪૭ | ૨૧,૦૬૯ | ૯૭,૮૨૯ | ૨૫,૧૬૬ | ૧,૧૬,૦૭૬ |
| ઉમરપાડા | ૨,૫૮૮ | ૧૧,૪૭૦ | ૧૩,૫૫૬ | ૬૨,૭૫૨ | ૧૬,૧૪૪ | ૭૪,૨૨૨ |
| બારડોલી | ૪,૦૨૪ | ૧૮,૯૯૯ | ૧૬,૮૭૭ | ૮૫,૧૨૨ | ૨૦,૯૦૧ | ૧,૦૪,૧૨૧ |
| મહુવા | ૪,૮૪૮ | ૨૦,૧૩૪ | ૧૮,૪૩૮ | ૮૨,૪૫૫ | ૨૩,૨૮૬ | ૧,૦૨,૫૮૯ |
| પલસાણા | ૧,૩૦૪ | ૫,૯૦૨ | ૭,૭૫૨ | ૩૫,૮૭૧ | ૯,૦૫૬ | ૪૧,૭૭૩ |
| કામરેજ | ૨,૦૦૧ | ૯,૭૪૪ | ૧૦,૪૩૦ | ૫૧,૨૭૮ | ૧૨,૪૩૧ | ૬૧,૦૨૨ |
| સુરત શહેર | ૧,૪૭૯ | ૬,૫૬૮ | ૨,૦૨,૫૫૬ | ૯,૩૬,૫૨૧ | ૨,૦૪,૦૩૫ | ૯,૪૩,૦૮૯ |
| કુલ | **૨૯,૮૪૩** | **૧,૩૨,૭૬૪** | **૩,૪૩,૯૨૫** | **૧૬,૦૧,૬૮૪** | **૩,૭૩,૭૬૮** | **૧૭,૩૪,૪૪૮** |

# સુરત શહેરની ઝોનવાઈઝ પૂરક માહિતી (NFSA)

| ઝોનનું નામ | અંત્યોદય કુટુંબો (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | | કુલ એન.એફ.એસ.એ. કાર્ડ(NFSA) | |
|---|---|---|---|---|---|---|
| | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા | કાર્ડ સંખ્યા | જનસંખ્યા |
| **અમરોલી ઝોન** | ૨૬૮ | ૧,૨૫૭ | ૧૭,૦૫૪ | ૮૦,૯૮૧ | ૧૭,૩૨૨ | ૮૨,૨૩૮ |
| **કતારગામ ઝોન** | ૩૪૪ | ૧,૫૧૭ | ૨૩,૧૯૭ | ૧,૦૬,૫૪૫ | ૨૩,૫૪૧ | ૧,૦૮,૦૬૨ |
| **ચોક** | ૧૬ | ૬૦ | ૧૬,૩૦૭ | ૭૬,૬૨૬ | ૧૬,૩૨૩ | ૭૬,૬૮૬ |
| **નાનપુરા ઝોન** | ૭૮ | ૩૧૨ | ૧૫,૫૭૯ | ૭૪,૧૦૩ | ૧૫,૬૫૭ | ૭૪,૪૧૫ |
| **પુણા ઝોન** | ૮૦ | ૩૧૨ | ૨૪,૧૯૪ | ૧,૦૯,૧૫૦ | ૨૪,૨૭૪ | ૧,૦૯,૪૬૨ |
| **મજુરા ઝોન** | ૩૦૨ | ૧,૨૪૨ | ૯,૪૯૯ | ૪૩,૩૮૬ | ૯,૮૦૧ | ૪૪,૬૨૮ |
| **રાંદેર ઝોન** | ૧૭૬ | ૮૮૪ | ૯,૪૧૭ | ૪૪,૯૮૭ | ૯,૫૯૩ | ૪૫,૮૭૧ |
| **લીમ્બાયત ઝોન** | ૭૦ | ૩૦૫ | ૩૫,૯૫૫ | ૧,૬૨,૧૮૯ | ૩૬,૦૨૫ | ૧,૬૨,૪૯૪ |
| **વરાછા ઝોન** | ૩૫ | ૧૪૮ | ૧૮,૮૨૩ | ૮૬,૯૫૦ | ૧૮,૮૫૮ | ૮૭,૦૯૮ |
| **ઉધના** | ૧૧૦ | ૫૩૧ | ૩૨,૫૩૧ | ૧,૫૧,૬૦૪ | ૩૨,૬૪૧ | ૧,૫૨,૧૩૫ |
| **કુલ** | **૧,૪૭૯** | **૬,૫૬૮** | **૨,૦૨,૫૫૬** | **૯,૩૬,૫૨૧** | **૨,૦૪,૦૩૫** | **૯,૪૩,૦૮૯** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૭ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં કેટલા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા અને તેના કારણો શું છે ?**

**જવાબઃ માન. અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **નવસારી** જિલ્લામાં કુલ ૬,૫૫૯ રેશનકાર્ડ અને **સુરત** જિલ્લામાં કુલ ૧,૯૭૭ રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે.

**નવસારી** જિલ્લાના તાલુકાવાર રદ કરેલ રેશનકાર્ડની વાત કરૂ તો......

| ક્રમ | તાલુકા | રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | નવસારી (શહેર) | ૩,૫૫૧ |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | ૮૭૩ |
| ૩ | જલાલપોર | ૬૫૫ |
| ૪ | ગણદેવી | ૯૦૦ |
| ૫ | ચીખલી | ૪૨૦ |
| ૬ | વાંસદા | ૧૧૧ |
| ૭ | ખેરગામ | ૪૯ |
| | **કુલ** | **૬,૫૫૯** |

સુરત જિલ્લાના તાલુકાવાર રદ કરેલ રેશનકાર્ડની વાત કરૂ તો......

| ક્રમ | તાલુકા | રેશનકાર્ડ |
|---|---|---|
| **૧** | **ચૌર્યાસી** | ૬૬ |
| **૨** | **ઓલપાડ** | ૭૨ |
| **૩** | **માંડવી** | ૪૭ |
| **૪** | **માંગરોળ** | ૭૦ |
| **૫** | **ઉમરપાડા** | ૩૨ |
| **૬** | **બારડોલી** | ૪૪ |
| **૭** | **મહુવા** | ૧૧૮ |
| **૮** | **પલસાણા** | ૩૮ |
| **૯** | **કામરેજ** | ૧૫૯ |
| **૧૦** | **સુરત શહેર** | ૧,૩૩૧ |
| | **કુલ** | **૧,૯૭૭** |

**રદ થવાના મુખ્ય કારણોઃ-**

(૧) વ્યક્તિનું સ્થળાંતરણ થવાથી
(૨) આકસ્મિક કિસ્સામાં/કુદરતી આફતમાં પરિવારનું અવસાન થવાથી

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન.૮ તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં કુલ કેટલી તપાસો કરવામાં આવી અને શું પગલા લેવામાં આવ્યા ?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૧૪૨૦ તપાસ કરવામાં આવી. જેમાં ૪૯ લાખ ૧૨ હજાર રૂપિયાનો જથ્થો સીઝ કરવામાં આવેલ, ૭૭ લાખ ૭૫ હજાર રૂપિયાનો જથ્થો રાજ્યસાત કરેલ છે, ૬ લાખ ૨૯ હજાર પરવાના અનામત રાજ્યસાત કરેલ છે, ૧૩ લાખ ૩૭ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ૩ પરવાના મોકુફ અને ૧ પરવાનો રદ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **સુરત** જિલ્લામાં કુલ ૧૮૨૦ તપાસ કરવામાં આવી. જેમાં ૫ કરોડ ૧૫ લાખનો જથ્થો સીઝ કરવામાં આવેલ, ૪ કરોડ ૧૯ લાખનો જથ્થો રાજ્યસાત કરેલ છે, ૪ લાખ ૩૫ હજાર પરવાના અનામત રાજ્યસાત કરેલ છે, ૮૦ લાખ ૧૮ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ૩૫ પરવાના મોકુફ, ૭ પરવાના રદ, ૬ પોલીસ કેસ અને ૧૨ પી.બી.એમ. કેસ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

## નવસારી અને સુરત જિલ્લાની તમામ તપાસોની માહિતી

| ક્રમ નં. | વિગત | નવસારી | સુરત |
|---|---|---|---|
| ૧ | કુલ તપાસોની સંખ્યા | ૧૪૨૦ | ૧૮૨૦ |
| ૨ | સીઝર જથ્થાની કિંમત રૂા. | ૪૯ લાખ ૧૨ હજાર | ૫ કરોડ ૧૫ લાખ |
| ૩ | રાજ્યસાત જથ્થાની કિંમત રૂા . | ૭૭ લાખ ૭૫ હજાર | ૪ કરોડ ૧૯ લાખ |
| ૪ | પરવાના અનામત રાજ્યસાત રૂા. | ૬ લાખ ૨૯ હજાર | ૪ લાખ ૩૫ હજાર |
| ૫ | દંડની રકમ રૂા. | ૧૩ લાખ ૩૭ હજાર | ૮૦ લાખ ૧૮ હજાર |
| ૬ | પરવાના મોકુફ | ૩ | ૩૫ |
| ૭ | પરવાના રદ | ૧ | ૭ |
| ૮ | પોલીસ કેસ | ૦ | ૬ |
| ૯ | પી.એમ.બી. | ૦ | ૧૨ |

## સમગ્ર રાજ્યની તમામ તપાસોની માહિતી

| ક્રમ નં. | વિગત | સમગ્ર રાજ્ય |
|---|---|---|
| ૧ | કુલ તપાસોની સંખ્યા | ૫૯૨૯૦ |
| ૨ | સીઝર જથ્થાની કિંમત રૂા. | ૨૧ કરોડ ૩૨ લાખ |
| ૩ | રાજ્યસાત જથ્થાની કિંમત રૂા . | ૧૨ કરોડ ૮૦ લાખ |
| ૪ | પરવાના અનામત રાજ્યસાત રૂા. | ૯૩ લાખ ૭૮ હજાર |
| ૫ | દંડની રકમ રૂા. | ૧૪ કરોડ ૩૨ લાખ |
| ૬ | પરવાના મોકુફ | ૩૫૦ |
| ૭ | પરવાના રદ | ૧૨૨ |
| ૮ | પોલીસ કેસ | ૩૦ |
| ૯ | પી.એમ.બી. | ૨૫ |

મુખ્ય પેજ પર જવા માટે